# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

### પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણીઃ ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણઃ ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

વિભાગ : ૧ 'વચનામૃત' નવમી આવૃત્તિને આધારે)

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ : જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. દરિદ્રીનું દૃષ્ટાંત અને તેનું હાર્દ. (ગ.મ. ૭)**

જ. જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારા-સારા ભોજન ને સારા-સારા વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઈચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે.

**૨. 'જે સાધુને મોક્ષનો ખપ હોય તે તો જેમ દુઃખવીએ અને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય.' (ગ.મ. ૪૭)**

જ. જે સાધુને મોક્ષનો ખપ હોય તેને તો જેમ દુખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય. જેમ આ મુક્તાનંદ સ્વામીને ક્ષયરોગ થયો છે તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કાંઈ ખાવા દેતો નથી; તેમ જે સમજુ હોય તેને એમ જણાય જે, 'આ રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાખ્યું, માટે આ તો ક્ષયરોગરૂપે જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ?' એમ ભાસે છે. શા માટે જે, શિશ્ન ને ઉદર એ બેને વિષે જે જીવને આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે. તે ક્ષયરોગ એ બેય પ્રકારની ખોટ્યને કાઢે એવો છે. તેમ એ રોગની પેઠે જે સત્પુરુષ હોય તે વિષયનું ખંડન કરતા હોય ત્યારે મુમુક્ષુ હોય તેને તેમાં દુખાઈ જવું નહીં.

**૩. સોનીની પેઢીનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત. (ગ.મ. ૫૫)**

જ. 'આપણે તો દેહ થકી પણ પૃથક્ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને વળી અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે, આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ, તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ, જેમ સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે, તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપ ભેળવી દે, તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે. અને તેમાં માયારૂપી સોની છે.

**૪. 'ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે તેને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.' (ગ.મ. ૬૩)**

જ. ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં. અને જેમ પોતાના દેહનાં કુટુંબી હોય છે ને તેને તેના હેતને અર્થે આપણે વઢીને કહીએ ને આપણને તે વઢીને કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી; તેમ ભગવાનના ભક્ત સંગાથે વર્ત્યું જોઈએ. અને જેને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી.

**૫. 'વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું કોઈ મોટું સાધન નથી.' (કા.૧૨)**

જ. (૧) ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે, તો તેના સર્વે વિકાર ટળી જાય છે. (૨) ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની

વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં. અને તપ્તકૃચ્છ્ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાંખે તો પણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહીં થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. એવી રીતે આત્મ સુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજ્ય થતો નથી. (ગ.મ. ૨) (૮)

૨. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે. (ગ.મ. ૧૬) (૧૮)

૩. અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) (૧૪)

૪. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ. ૫૯) (૩૦)

૫. તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે. (ગ.મ. ૧૩) (૧૨)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. **પ્રસન્નતા - રાજીપો : (૧) (કારિ. ૧૦)** અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને **રાજી** કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ **(૨) (ગ.મ. ૧૧)** માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની **પ્રસન્નતા**ને અર્થે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (૧૧) **(૩) (ગ.મ. ૨૮)** જેનું રુડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને **રાજી** કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે.

૨. **પરમ કલ્યાણ : (૧) (ગ.મ. ૧૩)** 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.' એમ જાણજો અને જો એમ ન જણાય એટલું તો જરૂર જાણજ્યો જે, 'અક્ષરરૂપ જે તેજ, તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું **પરમ કલ્યાણ** થશે. (૧૬) **(૨) (ગ.મ. ૫૯)** ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ **પરમ કલ્યાણ** છે. (૨૯)

**(વિભાગ : ૨ - 'સ્વામીની વાતો' ના આધારે)**

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર આપેલ છે.**

૧. શ્રીજીમહારાજે રીંગણાં અને ગાજરની માળા ગળામાં પહેરાવીને કોને જેતલપુર ભિક્ષા માગવા મોકલ્યા ? (૩/૫૨)

જ. શ્રીજીમહારાજે રીંગણાં અને ગાજરની માળા ગળામાં પહેરાવીને ગોવિંદ સ્વામીને જેતલપુર ભિક્ષા માગવા મોકલ્યા.

૨. ક્યાં સુધી ગુરુ કર્યા નથી ? (૩/૪૫)

જ. લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં ગુડીયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી.

૩. ગુણાતીતાનંદ સ્વામીને તાળવું ફાટી જાય તેવું દુઃખ ક્યારે થાય ? (૩/૬૫)

જ. આંખો મીંચીને ઉઘાડીએ એટલી પળ પણ ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય તેવું દુઃખ ગુણાતીતાનંદ સ્વામીને થાય છે.

૪. સાંખ્ય અને યોગવાળાને કોણ બુડાડી દે છે ? (૩/૫૧)

જ. ગમે તેવા સાંખ્ય કે યોગવાળાને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી ડુબાડી દે છે.

૫. આંબા જેવા કોણ છે ? (૩/૬૮)

જ. આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈને આ સાધુની ઓળખાણ થઈ તે આંબા જેવા છે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. મને કરીને તો મોટા સાધુને વિષે **નાસ્તિકપણું**, આવવા દેવું નહીં. (૩/૬૦)

૨. વૈરાટ બ્રહ્માએ **૫૦** વર્ષ અને દોઢ પહોર સુધી સ્તુતિ કરી ત્યારે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પૃથ્વી પર આવ્યાં. (૩/૪૬)

૩. સત્પુરુષના ગુણ તો, તો આવે જો એવાને નિર્દોષ સમજે ને **સર્વજ્ઞ** જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ. (૩/૩૪)

૪. 'બ્રહ્મમુનિ **સત્સંગ** વિના, સબ ઓર ભયો તો કહાં ભયો ભાઈ.' (૩/૪૮)

૫. જેવું **પક્ષપાતે** કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થતું. (૩/૩૬)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. દિવ્યભાવ-મનુષ્યભાવ :** (૧) સારામાં સારું ભગવાન અને સાધુનો સંગ થયો. (૩/૩૬) (૨) ભૂંડામાં ભૂંડુ આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે. (૩/૩૬) (૩) પક્ષપાત, અવળા પક્ષે મોટા સાધુના અવગુણ લીધાની વાત. (૩/૩૬) (૪) વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે, તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે. (૩/૩૮) (૫) પાટીદારનો મહારાજને પ્રશ્ન : તમારા ચરણાવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાવો છો. શરીર સામું જોઈએ છીએ તો મનુષ્ય જેવા જણાઓ છો. - વૈરાટ નારાયણની પ્રાર્થના- મુમુક્ષુનાં લક્ષણ. (૩/૪૬)

**૨. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં નિરૂપાયેલો વૈરાગ્ય :** (૧) જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય અને જે મૃગલાં જેવા જીવ છે તે તો વિષયને સાચા માનીને દોડ્યા કરે છે. જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે તેમ. અને મનુષ્ય છે તે દેખે છે પણ ખોટાં જાણે છે અને સૂર્યના રથમાં બેઠા છે તેની દૃષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી તેમ જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી. (૩/૪૪) (૨) અને વિષય તો બાંધે એવા છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહિ. કેમ જે કેવા વૈરાગ્યવાન ! તેને પણ બાંધ્યા. તેનાં નામ ગોવિંદસ્વામી તથા પરમહંસાનંદસ્વામી તથા મહાપ્રભુ નામે સાધુ, એ આદિક ઘણા ઘણાને બાંધ્યા. (૩/૫૨) (૩) જ્ઞાન થયા વિના મોહ

પણ ટળે નહિ અને જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાયો હોય. (૪) મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટની સમજણ છે. (૩/૬૪)

**૩. કારણ શરીર ટાળવાનો ઉપાય :** (૧) જે ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તો પણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું, ને ઘાટ-સંકલ્પ બંધ કરીને જે ધ્યાન કરવું એટલે સૂક્ષ્મ દેહ જિતાણું જાણવું, ને નિદ્રા ન આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું. (૩/૪૩) (૨) અમે સુરંગુ દઈએ છીએ ને બસેં-બસેં ગાડાં પાણા નીસરે છે તે શું તો, વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ ને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ને ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત, તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ, તે કાંઈ કઠણ નથી. (૩/૪૩)

**(વિભાગ : ૩ 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ,૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધઃ- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ઘનશ્યામે સ્વજનોના ભાવ પૂર્ણ કર્યા.**

| | | |
|---|---|---|
| ૧. | પુત્ર વિરહી માતાને દિવ્યભાવની વિસ્મૃતિ કરાવી સુખ આપ્યું - કૃત્યાઓ ઘનશ્યામને લઈ ગઈ ત્યારે. | ૧/૨૭ |
| ૨. | ભક્તિમાતા અને તેમની સખીઓના બાળલીલા દ્વારા પૂર્ણ કરેલા ભાવ. | ૧/૩૦ |
| ૩. | ભૈયા ! થોડું તો જમો ! ત્યારે ઘનશ્યામ તે બધું ભાભીના મોંમાં મૂકી દેતાં. | ૧/૩૧ |
| ૪. | વશરામ તિવારીના ખેતરના કડવા ચીભડાં મીઠાં કર્યાં. | ૧/૩૮ |
| ૫. | માતા-પિતાની ઉદાસીનતા ચિંતા જોઈ પોતાની સંસાર પ્રત્યેની ઉદાસીનતા ટાળી દીધી. | ૧/૪૬ |
| ૬. | 'મા ! હું ભક્તિપુત્ર' કથા સાંભળીને પાછા આવેલા ઘનશ્યામ અને ભક્તિમાતાનો સંવાદ. | ૧/૫૨ |
| ૭. | ભાભીની સાથે ઘનશ્યામ તરગામમાં | ૧/૫૩ |
| ૮. | 'ભાભી હું તારો લાલ નહિ ?' આંબલિયામાં ઘનશ્યામ. | ૧/૫૫ |
| ૯. | 'ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિને ? મેં તમને ક્યાં સાચવ્યાં છે ? ભૈયાએ માર્યા તો પણ હું આવી નહિ.' ભાભીનો વલોપાત. | ૧/૫૯ |
| ૧૦. | ભાભી હવે રડતી નહીં હો, આપણે અયોધ્યા નથી જવું. | ૧/૫૯ |
| ૧૧. | ખાંપો વાગ્યો ત્યારે ભાભી રડવા લાગ્યા. 'ભાભી ! પાટો ખોલ જોઉં !' 'જુઠ્ઠા, ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો છે ?' | ૧/૬૨ |
| ૧૨. | દીદી (ભક્તિમાતા) એ મોકલેલી સુખડી ભાભીના મોઢામાં મૂકી દીધી. | ૧/૬૩ |
| ૧૩. | યજ્ઞોપવિતના મૂંડન પછી ભાભીએ માથામાં મારેલા ટકોરા. - ઘનશ્યામ ભાભીનો હાથ પકડીને કહે છે, 'હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં.' ભાભી, 'અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય ?' | ૧/૭૨ |
| ૧૪. | હજુ ત્રણ તાગડા તો ગળમાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા છો ? (ઉપવિત સંસ્કાર વખતે) | ૧/૭૨ |
| ૧૫. | ઘનશ્યામ ! પાછા વળો, માતા-પિતા બોલાવે છે. અમારી વિનંતી સાંભળો - વશરામમામાની વિનંતી સ્વીકારી પાછા વળ્યા. | ૧/૭૪ |
| ૧૬. | દાદા ! દાદા ! આપણે અયોધ્યા ક્યારે જવું છે ? કાશીની વિદ્વતસભાના વિજય બાદ ઘનશ્યામ પિતાને. | ૧/૮૨ |
| ૧૭. | સૌથી શ્રેષ્ઠ ભક્તિ પ્રગટ પ્રભુની - માતાના અંતસમયે ભક્તિનું સ્વરૂપ અને પ્રકાર સમજાવતાં ઘનશ્યામ. | ૧/૮૪ |

૧૮. ભાભી ઉદાસ રહેતાં ઘનશ્યામને કહે છે, 'તમે ઉદાસ રહો છો પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો.' 'જેને મારો સંબંધ થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ.' - ઘનશ્યામ ૧/૯૩
૧૯. મને સંભારશો તો જરૂર સાથે રાખીશ - ઈચ્છારામને ઘનશ્યામ. ૧/૯૪

## ૨. એકાંતિક ધર્મનું મૂર્તિમાન સ્વરૂપ નીલકંઠવર્ણી

**નિષ્કામધર્મ :-**

૧. લોધેશ્વરમાં સ્ત્રી-પુરુષોથી અલગ જગ્યા શોધી સરોવરમાં સ્નાન કર્યું. ૧/૧૦૬
૨. બરેલીમાં નદીકાંઠાના બંગલામાંથી બહાર નીકળતા પનિહારીઓએ રોકતા ત્યાંથી દોડી ક્ષણમાં અલોપ થઈ ગયા. ૧/૧૧૦
૩. સાધુનો વિશિષ્ટ આદર્શ - સાચા હંસ - સાચા સાધુની ઓળખ. ૧/૧૩૦
૪. હરૈયા ગામે હલવૈની માને - 'અમે આ સમયે ત્યાગીની રીત ગ્રહણ કરી છે એટલે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે.' ૧/૧૩૬
૫. વંશીપુરની મહારાણીને 'સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં ક્યાંય કોઈને છોડતો નથી.' 'તમારા રાજ્ય કે કુંવરીઓમાં બંધાવા હું આવ્યો નથી.' - નીલકંઠવર્ણી. ૧/૧૩૭ થી ૧૪૨
૬. બુટોલપત્તનના રાજાના બગીચામાં કુંવરીઓ અને સખીને બીજા બાવાઓની દૃષ્ટિમાં વિકાર દેખાયો જ્યારે નીલકંઠવર્ણી નીચી દૃષ્ટિ ધ્યાન મગ્ન સ્વરૂપમાં મસ્ત. ૧/૧૬૮
૭. સિરપુરના સિધ્ધવલ્લભ રાજાએ નીલકંઠવર્ણીની રુચિ પ્રમાણ તેમની સેવામાં નૈષ્ઠિક વ્રતધારી સાધુ ગોપાળદાસને રાખ્યા. ૧/૧૮૨
૮. વનવિચરણમાં દરેક આશ્રમ, મઠમાં બ્રહ્મચર્ય પાલનનું નિરીક્ષણ. ૧/૨૩૫
૯. બ્રહ્મચર્યનું પ્રસારણ કરવા કુંવારી ભૂમિકા, જ્યાં મનોવૃત્તિઓનો સહેજે હ્રાસ થાય તેવી ભૂમિની શોધમાં રામેશ્વર છોડ્યું. ૧/૨૩૬
૧૦. તોતાદ્રિમાં જિયર સ્વામીને સ્ત્રીના ત્યાગીની વાત. ૧/૨૪૧
૧૧. પૂનામાં બાપુ ગોખલેને બ્રહ્મચર્યરૂપી ધર્મની વિશેષતા ભક્તિની સિધ્ધિ માટે બતાવી. ૧/૨૪૮
૧૨. તાપી અને મૌના નદીના સંગમ સ્થાને સ્ત્રી-પુરુષની બીભત્સતા જોઈ સ્થાનનો ત્યાગ. ૧/૨૫૦
૧૩. વડગામમાં તળાવ પાસેના વડ નીચે બિરાજેલા નીલકંઠને નારીઓ ભેટવા દોડતાં વર્ણી અદૃશ્ય થઈ ગયા. ૧/૨૭૮-૨૭૯
૧૪. વાગડમાં કુંભાર રાણા બાવળોજના ત્યાં સ્ત્રીના પાદ સ્પર્શથી રહિત પડેલી ધૂળ પર સૂઈ ગયા. .૧/૨૮૩
૧૫. શિહોરમાં બ્રહ્મકુંડ પર સ્ત્રીઓની ભીડ હોવાથી તેનો ત્યાગ કરી ગૌતમકુંડમાં સ્નાન. ૧/૨૮૪
૧૬. બ્રહ્મચર્યના પાલક મઢડાના જેઠામેરને ઘેર નીલકંઠવર્ણી. ૧/૩૦૮
૧૭. લોજમાં જીવરાજ શેઠના ડેલામાં સ્ત્રીઓથી ભરેલી સભામાં કથાનો ત્યાગ. ૧/૩૨૨
૧૮. લોજ આશ્રમ અને વાળંદના ઘરની દિવાલનો ગોખલો પૂર્યો. ૧/૩૨૩

**વૈરાગ્ય : -**

૧. સહેજાપુરમાં ઠાકોરજીને બાટીને કેરીના રસનું નૈવેધ કરી પોતે એક પાત્રમાં બધું ચોળી પાણી નાખી પી ગયા. ૧/૧૦૯
૨. જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યે ભક્તિ ન હોય તે જ રિસાઈને કાયર થઈને ગૃહત્યાગ કરે. બરેલીની પનિહારીઓને નીલકંઠવર્ણીનો જવાબ. ૧/૧૧૦
૩. મારે માતા-પિતા કે ભાઈ-ભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો જ ફરું છું. - હલવાઈની મા ને. ૧/૧૩૭
૪. 'એ તો નિર્લેપ, નિરંજન, નિર્વિકારી અને અક્ષયસુખના દાતા છે.' - વંશીપુરના રાણી. ૧/૧૪૨
૫. 'અમે કોઈના બંધનમાં આવીએ એવા નથી.' નીલકંઠવર્ણી સેવકરામને. ૧/૨૩૨
૬. શિવાશા અને ગોવિંદ શેઠને પોતાની રુચિ સમજાવતાં કહ્યું, 'સ્વાદનો વિચાર કરીએ..... સ્વરૂપમાં ન જોડાય.' ૧/૨૫૨
૭. મહુવામાં લક્ષ્મીનારાયણના મંદિરના મહંત બાવા બાલકદાસને નીલકંઠવર્ણીના નિત્યક્રમમાં ભક્તિ અને અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ દેખાયો. ૧/૨૯૩

**ભક્તિ : -**

૧. 'અનેક તીર્થોનાં અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિનાં દર્શન કરવા સારું અમે ગૃહત્યાગ કર્યો છે.' હરદ્વારમાં વિપ્રરૂપે આવેલા મહાદેવને નીલકંઠવર્ણીએ ગૃહત્યાગનો જણાવેલો હેતું. ૧/૧૧૨
૨. શિવ-પાર્વતીએ બનાવેલી રસોઈ શાલિગ્રામને નૈવેદ્ય કરીને જમે છે. ૧/૧૧૪
૩. તપોવનના મુનિઓનો નીલકંઠને પ્રશ્ન : 'તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુન્દની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ?' નીલકંઠે સમજાવેલો હેતું. ૧/૧૧૫
૪. ગુપ્તકાશીમાં શિવજી, ત્રિયુગી નારાયણમાં શિવપાર્વતી, ગૌરીકુંડમાં સ્નાન, કેદારનાથના દર્શન. ૧/૧૧૯-૧૨૦
૫. સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો. - બદરીનાથના પૂજારીને. ૧/૧૨૨
૬. તીર્થાટન તો ચાલીને જ કરવું જોઈએ - નીલકંઠવર્ણી નરઋષિને ૧/૧૨૬

૭. નરનારાયણ ઋષિનો આશ્રમ આવતાં દૂરથી દંડવત્ કરવા લાગતા નીલકંઠવર્ણી. ૧/૧૨૭
૮. તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને ધર્મની પ્રબળતાથી નીલકંઠવર્ણીએ અભિચાર પ્રયોગથી મૂર્છિત ગોપાળદાસને ઉઠાડ્યો. ૧/૧૮૬
૯. જગન્નાથપુરીમાં દર્શન કરતા, ધ્યાન કરતા, ભાગવતની કથા ભક્તિભાવ પૂર્વક સાંભળતા. ૧/૨૧૨
૧૦. શાલિગ્રામ ત્રણ થી ચાર કઠારી જળ પી જવાથી ઈષ્ટદેવની ક્ષુધાની ચિંતામાં વ્યગ્ર બનેલા નીલકંઠ. ૧/૨૩૮

**જ્ઞાન :**

૧. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ? - મોહનદાસ બાવાને - કઠારી તોડી. ૧/૧૬૧
૨. ઈશ્વરના નિયમોનું ઉલ્લંઘન કોઈથી થઈ શકતું નથી. મનસ્વી રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી ઊલટું કર્મનાં નવા બંધનો તમે બાંધો છો - કાઠમંડુના રાજાને. ૧/૧૭૮
૩. મને આત્મા-અનાત્માની વાત સમજાવો, પરમાત્માનો મહિમા કહો, પિંડ અને બ્રહ્માંડમાં કેવું દુઃખ રહ્યું છે અને અક્ષરધામનું કેવું દિવ્ય સુખ છે તે સમજાવો - જિઅર સ્વામીને. ૧/૨૪૧
૪. જ્ઞાનથી પરમાત્માના સ્વરૂપનું વિજ્ઞાન સાક્ષાત્કાર થાય છે ત્યારે જીવનો મોક્ષ થાય છે - શિવાશા અને ગોવિંદ શેઠને. ૧/૨૫૧
૫. તારા અદ્વૈત મતમાં તો બધું મિથ્યા ગણાય છે, તો વીરો દિકરો અને ભેંસુ મિથ્યા નહિ ? લખુ ચારણને. ૧/૨૯૯
૬. એ કાંઈ જ્ઞાન થયું કહેવાય નહિ. જ્ઞાન તો આ સ્વરૂપને હૈયામાં ધારી, આ અડબંગાઈ છોડશો અને સાધુતા ગ્રહણ કરશો ત્યારે થશે - ગિરનાર પર ગૌમુખી ગંગા પર બાવાઅઓને. ૧/૩૦૩
૭. તો તમે બ્રહ્મમાં બદ્ધ થાઓ. તમારા આધારે બધું જ સ્વસ્થ થઈ જશે. - સુખાનંદ સ્વામીને. ૧/૩૧૫
૮. જીવ, ઈશ્વર, માયા શું છે ? બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવાં છે તે સમજાવો - મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન. ૧/૩૧૭

**૩. વનવિચરણમાં નીલકંઠવર્ણીના યોગથી પ્રભાવિત રાજાઓ.**

૧. પંજાબના રાજા રણજિતસિંહની નીલકંઠવર્ણીના સ્વરૂપમાં સ્થિર દૃષ્ટિ તથા સ્તુતિ. ૧/૧૩૧ થી ૧૩૨
૨. વંશીપુરના રાજા, રાણી, પુત્રીઓ તેમજ મહેલના સર્વે પર પ્રભાવ. રાણીના ઉદ્ગાર 'એ તો નિર્લેપ, નિર્વિકારી, અક્ષયસુખના દાતા સ્વયં પરમાત્મા છે.' ૧/૧૩૯ થી૧૪૨
૩. હિમગિરિની તળેટીના પ્રદેશનો રાજા તેમજ વૈરાગીઓની જમાત-નીલકંઠવર્ણીમાં સાક્ષાત્ શ્રીહરિના દર્શન. ૧/૧૫૧ થી ૧૫૩
૪. બુટોલનગરના રાજા મહાદત્ત તેમના બહેન માયારાણી - બીજા વૈરાગીઓ કરતાં જુદા જ નીલકંઠવર્ણી જણાયા. ૧/૧૬૬-૧૭૦
૫. સિરપુરમાં સિદ્ધવલ્લભરાજાની વૃત્તિઓ નીલકંઠવર્ણીના દર્શનથી શાંત થઈ ગઈ. ૧/૧૮૨ થી ૧૮૮
૬. જગન્નાથપુરી (પુરુષોત્તમપુરી) મંદિરનો પૂજારી નીલકંઠવર્ણીની ભક્તિથી પ્રભાવિત થયો. ત્યાંના લોકોને આકર્ષણ - રાજાએ પણ નીલકંઠવર્ણીને ગુરુ તરીકે સ્વીકાર્યા. ૧/૨૧૨ થી ૨૧૫
૭. માનસપુર નગરના બગીચાના માળી નીલકંઠવર્ણીને "ભલે પધાર્યા પ્રભુ, હું આપની જ રાહ જોતો હતો." રાજા સત્રધર્માને પણ લાગ્યું કે કાં તો શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય. ૧/૨૨૩ થી ૨૨૫
૮. બાજીરાવ પેશ્વાના દીવાન બાપુ ગોખલે તેમજ તેમના માળી-બાપુ ગોખલેને વર્ણીના દર્શનથી શાંતિ - વર્ષોની કૃષ્ણ ભક્તિના ફળરૂપે સાક્ષાત્ કૃષ્ણ પ્રગટ થયા હોય તેવો અનુભવ થયો. ૧/૨૪૬ થી ૨૪૮
૯. પીપળી ગામના ક્ષત્રિય ગુલાબસિંહને નીલકંઠવર્ણી જુદા જણાયા. તેમની જમવાની રીતે, ત્યાગની છટા, બૃહદ્ વૈરાગ્ય, જગત પ્રત્યે વિરક્તિ અને ભગવાન પ્રત્યે ભક્તિ આ બધું ખૂબ નિરાળું હતું. ૧/૨૫૬-૨૫૭
૧૦. ધોલેરામાં ક્ષત્રિય ભક્ત તથા ગોરાસુના સેવાગર ગોંસાઈને અલૌકિક જણાયા. ૧/૨૮૨
૧૧. કુક્કડમાં દરબારનો કામદાર ચતુર હતો. તેણે વર્ણીને ઓળખ્યા. દરબાર ભગવાનસિંહજી સાથે નીલકંઠવર્ણીના દર્શને. દરબારમાં પધારવા આમંત્રણ. ૧/૨૮૫-૨૮૬

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ઘનશ્યામે છપૈયામાં બતાવેલા ચમત્કારો.**

૧. આંબલીનાં વૃક્ષને બદલે તુલસી - કડવાં ચીભડાં મીઠાં થયા - ચકલાંને સમાધિ કરાવી. ૧/૩૬-૩૭-૩૮
૨. એક સાથે અનેક તીર્થોમાં રામપ્રતાપને ઘનશ્યામનાં દર્શન. ૧/૪૭-૪૮
૩. હલવાઈની ખાલી દુકાન મીઠાઈથી ભરી દીધી. ૧/૫૧

૪. કાઢેલા ચીભડાંના વેલા ફરી પાછા ઊભા કરી દીધાં. ૧/૫૮

૫. ઘનશ્યામને વાગેલો ખાંપો રૂઝાઇ ગયો. ૧/૬૧-૬૨

**૨. માણાવદર અને ભાડેરની ધર્મસભા.**

૧. સાચો ધર્મ એ છે કે જેનાથી અંતરમાં નારાયણ પ્રગટે. જે તત્ત્વોથી અંતરમાં ધર્મનો ભાવ નાશ પામે, તે અધર્મ. લોભ, કામ, સ્નેહ, રસાસ્વાદ અને માન એ પાંચ અધર્મના આધારસ્તંભ છે. વસિષ્ઠ અને સહસ્ત્રાર્જુનનો પરાભવ લોભથી થયો. બ્રહ્મા, ઈન્દ્ર, સૌભરી તેમન નહુષ અને બીજા અનેક દેવો અને ઋષિઓ કામથી ભ્રષ્ટ થયા. ભરતજી સ્નેહના ભાવથી મૃગબાળમાં આસક્ત થયા અને તપમાંથી ચ્યુત થયા. ઋષ્યશૃંગ તથા અન્ય એવા મોટા રસાસ્વાદની આસક્તિથી પોતાની પદવીમાંથી ભ્રષ્ટ થયા. દક્ષ પ્રજાપતિનો માનમાંથી પરાભવ થયો. આવા મોટા કહેવાતા મહાનુભાવોનો એ પંચવિષયોએ પરાભવ કર્યો. તે સમયના દેશકાળ શુભ હતા, છતાં અંતરમાં પંચવિષયની આસક્તિથી અંતે ભ્રષ્ટ થયા, ત્યારે આજે તો અધર્મસર્ગ જ પ્રવર્ત્યો છે. માટે સાવધાન રહી પોતપોતાના વર્ણ અને આશ્રમના ધર્મનું પાલન નહિ કરો તો અંતે આ જ દશા આવશે. હું તો ધર્મનો પુત્ર છું તેથી ધર્મ મને પ્રિય છે. તમે સૌ ધર્મ પાળશો, તો અંતરમાં ભક્તિ પ્રગટશે. ૨/૩

૨. માણાવદરની ધર્મસભાથી કૃતાર્થ થયેલા વાઘજીભાઈએ જળઝીલણીનો ઉત્સવ કરવા ભાડેરમાં આવવા આપેલું આમંત્રણ - ભાડેરમાં ધર્મપિતાનું શ્રાદ્ધ - શ્રાદ્ધવિધિનો ઉદ્દેશ સમજાવ્યો. ૨/૬

૩. નવરાત્રનું રહસ્ય - હિંસામય ઉત્સવો બંધ કરાવવાનો શ્રીહરિનો નિશ્ચય - શ્રીહરિએ સમજાવેલું આધ્યાત્મિક રહસ્ય - નવરાત્ર વ્રત કેવી રીતે કરાવવું બ્રાહ્મણનો પ્રશ્ન - શ્રીહરિએ બતાવેલ રીત. ૨/૭

૪. દ્રવ્યનું આલંબન છોડી ભગવાનનું આલંબન રાખવાનો બ્રાહ્મણોને ઉપદેશ - નિષ્ઠા અને દૃઢ આશ્રયનું બળ બ્રાહ્મણોમાં પ્રગટ થયું. નવરાત્રનો ઉત્સવ નવી રીતથી ઉજવવાનું નક્કી કર્યું. ૨/૮

**૩. જાંબુવાનનું કલ્યાણઃ** જયરામદાસ નીલકંઠવર્ણીને રોજ કમળકાકડી આપે છે - જયરામદાસ અને કૃષ્ણ તંબોળી સાથે સરોવર, નૌકાવિહાર - સરોવરને સામે કિનારે જંગલમાં - રીંછ નીલકંઠવર્ણી પાસે - રીંછને નીલકંઠવર્ણીના આશીર્વાદ - પૂર્વજન્મની કથા - રીંછના દેહનો ત્યાગ કરી મનુષ્યરૂપે સત્સંગમાં જન્મ, અમારો યોગ અને તેનું કલ્યાણ. ૧/૨૦૪ થી ૨૦૭

**૪. રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલો નીલકંઠનો મહિમા.**

૧. અમે તો ઉદ્ધવનો અવતાર છીએ, પરબ્રહ્મના સાક્ષાત્ અવતાર તો હવે અહીં આવશે અને તમને મળશે - નરસિંહ મહેતાને રામાનંદ સ્વામી. ૧/૩૦૭

૨. જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા - ધન્ય ધન્ય તમે વર્ણીરાટ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ - મુક્તાનંદ અને નીલકંઠવર્ણીનો પત્ર વાંચી રામાનંદ સ્વામીના ઉદ્ગાર. ૧/૩૩૩-૩૩૪

૩. સૌને નીલકંઠવર્ણીના દર્શને જવાની આજ્ઞા. ૧/૩૩૩-૩૩૪

૪. લાલજી સુથારને સમજાવેલું નીલકંઠવર્ણીનું સ્વરૂપ - આ તો કૃષ્ણથી પણ મોટા છે. ૧/૩૩૬

૫. અમારી આ રીત તો અસલની છે. વશિષ્ઠ ઋષિ ઊંચે આસને બેસતા ને રામચંદ્રજી નીચે બેસતા - રામાનંદ સ્વામી જમાદારને. ૧/૩૪૭

૬. હું તો ડુગડુગી વગાડનારો છું. વેશના ભજવનારા તો હજુ હવે આવશે તે આવી ગયા. તેમના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરશો તો તમારું સૌનું કલ્યાણ થશે - ધર્મધૂરાની સોંપણી વખતે સભામાં રામાનંદ સ્વામી. ૧/૩૭૬-૩૭૭

૭. વર્ણી સાક્ષાત્ પરમાત્મા છે. તે નિશ્ચય દૃઢ કરજો. તેમની આજ્ઞા શિરસાટે પાળજો. હવે ભાગવત ધર્મનું સ્થાપન અને પ્રસારણ તેઓ કરશે. આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ તેઓ જ ખુલ્લો કરશે - અંતિમ માંદગીમાં રામાનંદ સ્વામી. ૧/૩૮૫

❑ ❑ ❑